# ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત
# આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સંતરામપુર જિ.મહિસાગર

# જોઈએ છે.

ગુજરાત આદિવાસી વિકાસ પરિષદ, દાહોદ સંચાલિત, આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજ (ગ્રાન્ટ ઇન એઇડ)- સંતરામપુર જિ.મહિસાગરને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંકઃ કવટ/isc3/વર્ગ-3/NOC/20809-11 તા.23-09-2025થી નીચેની વર્ગ-3ની જુનિયર કલાર્ક ની જગ્યા ભરવા NOC મળેલ છે. નીચે જણાવેલ ખાલી જગ્યાની ભરતી કરવા માટે અરજીઓ મંગાવવામાં આવે છે.

| જગ્યાનું નામ | NOC ક્રમાંક | ખાલી જગ્યાની સંખ્યા | કેટેગરી | લાયકાત | વય મર્યાદા |
|---|---|---|---|---|---|
| જુનિયર કલાર્ક વર્ગ-૩ | કવટ/isc3/ વર્ગ-૩/NOC/ ૨૦૮૦૯-૧૧ | ૩ | S.T = ૧<br>Open = ૨ | સરકારશ્રીનાં ધારા ધોરણ મુજબ જે તે વિદ્યાશાખામાં સ્નાતક ડીગ્રી, ગુજરાત રાજ્ય સરકારની માન્ય સંસ્થાની કોમ્પ્યુટરની પરીક્ષા પાસ | ૨૦ થી ૩૫ વર્ષ (ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના નિયમો અનુસાર) |

સદર જગ્યાની ભરતી સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ તથા નાણાં વિભાગના વખતોવખતના જે તે સંવર્ગનાં ભરતીના નિયમો અને લાયકાતના ધોરણો મુજબ કરવામાં આવશે. વયમર્યાદામાં છૂટછાટ સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુસાર તથા વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો-1967 ની જોગવાઈ અન્વયે રહેશે. વયમર્યાદા અરજી સ્વીકારવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે. નિમણૂંક પામેલ ઉમેદવારોને પાંચ વર્ષ માટે ફીકસ પગાર ચૂકવવામાં આવશે. ત્યાર બાદ સમીક્ષા કર્યા પછી નિયમોનુસાર પગાર ધોરણ લાગુ પડશે. નિમણૂંક પામનાર ઉમેદવારને ઉપર દર્શાવ્યા મુજબ તારીખ 23/09/2025 થી મળેલ NOC માં દર્શાવેલ તમામ શરતો બંધનકર્તા રહેશે. અધૂરી, અસ્પષ્ટ વિગતોવાળી અને પ્રમાણપત્રોની નકલ વગરની અરજી તેમજ નિયત સમય મર્યાદા બાદ આવેલ અરજીઓ આપો-આપ રદ ગણાશે. ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાના દિન-15 માં રજીસ્ટર પોસ્ટ એ.ડી. દ્વારા અરજી મોકલવાની રહેશે. અરજી સાથે પોતાના સરનામાં વાળું 9"×4" નું કવર તથા રૂ.40/- ની ટપાલ ટીકીટ જોડી નીચેના સરનામે મોકલી આપવી.

**સરનામું: પ્રમુખશ્રી / આચાર્યશ્રી, આદિવાસી આર્ટ્સ એન્ડ કોમર્સ કૉલેજ, સંતરામપુર, જિ.મહિસાગર, ગુજરાત રાજ્ય, પિન કોડ-.૩૮૯૨૬૦.**